
## જાંબુડી(રામપુર) હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૨નો વિદાય-શુભેચ્છા સમારોહ યોજાયો



હિંમતનગર તાલુકાની શ્રી કોટડિયા જે.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ ,જાંબુડી(રામપુર) ખાતે તાજેતરમાં ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય તથા શુભેચ્છા સમારોહ વડાલી સરકારી આર્ટસ કૉલેજના પ્રિન્સિપાલ પ્રા.ડૉ.કેસરીસિંહ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યકમમાં શાળા મંડળના મંત્રીશ્રી અમૃતભાઈ પટેલ, તથા મંડળના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ રહ્યા હતા. આ પ્રસંગે વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓમાં સર્વોત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ તથા ધોરણ ૧૦-૧૨ના પ્રથમ ત્રણ વિજેતાઓને પ્રોત્સાહન ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડો.કેસરીસિંહ પરમારે વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્દબોધન દ્વારા સફળ કારકિર્દી માટે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યકમને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી અજયસિંહ ચંપાવત તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાયકમનુ સંચાલન શ્રી પ્રકાશભાઈ જે. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રૂપાલ પ્રાથમિક શાળા નંબર-૨માં રસીકરણ કાર્યક્રમ યોજાયો



હિંમતનગર તાલુકાની રૂપાલ પ્રાથમિક શાળા નંબર:-૨ ખાતે ગત તા.૨૨ માર્ચના રોજ ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતાં ૧૨ થી ૧૪ વર્ષના બાળકોને કોરોનાની રસી આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રૂપાલ સામુહિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા કુલ ૬૦ બાળકોને રસી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળા આચાર્યશ્રી હમીરસિંહ રહેવર તેમજ ધોરણ ૬ થી ૮ના શિક્ષકો સહભાગી થયા હતા.

## પેઢમાલામાં સાબરડેરી દ્વારા સભાસદ સંવાદસેતુ કાર્યક્રમ યોજાયો



હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામે મંગળવારના રોજ સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સાબરડેરી દ્વારા સભાસદ સંવાદસેતુ કાર્યક્ર્મ યોજાયો હતો. જેમાં સાબરડેરીના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ, ડિરેક્ટર ડૉ.વિપુલભાઈ પટેલ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વર્ષ દરમિયાન વધુ દૂધ ભરાવતા ગ્રાહકોનું સમ્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સઢા પ્રાથમિક શાળામાં તિથિ ભોજન અને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયુ



હિંમતનગર તાલુકાની સઢા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ભૂતપૂર્વ સ્વર્ગસ્થ શિક્ષક અમીચંદભાઈ કાળાભાઈ વણકરના પરિવાર તરફથી સોમવારના રોજ શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. તેમજ દરેક બાળકોને શૈક્ષણિક કીટનું દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ ભાવનાબેન રાજેન્દ્રસિંહ રાઠોડ તથા શાળા પરિવાર તેમજ રૂપાલ જૂથના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## રૂપાલ ગામે નિવૃત્ત લશ્કરી જવાનોનું સ્નેહમિલન યોજાયું




હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે ગુજરાત માજી અર્ધ લશ્કર સંગઠન સાબરકાંઠા જિલ્લાનું સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરા મિલિટરી ફોર્સના નિવૃત્ત જવાનોની વિવિધ માગણીઓ અંગે સરકાર સમક્ષ પોતાના હક્કો અને માંગણીઓ અંગે ચર્ચા-વિચારણા કરી સંગઠન રૂપે સરકાર સમક્ષ રજૂઆત કરવા અંગે બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં સાબરકાંઠા જિલ્લા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાના નિવૃત્ત લશ્કરી જવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડામાં જિલ્લા વહીવટી કર્મચારી સંઘનો સેમિનાર યોજાયો



અરવલ્લી જીલ્લા મા. અને ઉ. મા. શાળા વહીવટી કર્મચારી સંઘનો સાતમો સેમિનાર સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ,ભિલોડા મુકામે યોજાયો હતો. જેમા ગુજરાત રાજ્ય વહીવટી કર્મચારી સંઘ મહામંડળ પ્રમુખ શ્રી મહેન્દ્ર પી.પટેલ નો નિવૃત્તિ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લા શિક્ષણાધિકારી શ્રી જયેશભાઈ એસ.પટેલ, શ્રી પ્રકાશકુમાર સડાત, ઉદ્ઘાટક ફા. રોનાલ્ડ, ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખશ્રી નવીનચંદ્ર આર મોદી. ગુજરાત રાજ્ય વહીવટી કર્મચારી સંઘ મહામંડળ અધ્યક્ષ અજીતસિંહ સૂરમા, મહામંત્રી કિશોરભાઈ ડાંગર, આચાર્ય શ્રી ફાધર નિક્સન મેકવાન, અરવલ્લી જીલ્લા આચાર્ય સંઘ પ્રમુખ એન.ડી.પટેલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપી નિવૃત કર્મચારીનું સન્માન કરવામાં આવ્યું હતું અરવલ્લી જીલ્લા મા.અને ઉ.મા.વહિવટી કર્મચારી સંઘના પ્રમુખ રાજેન્દ્ર પટેલ મહામંત્રી કૌશિક સોની સહિત જિલ્લા વહીવટી સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને સેમિનારને સફળ બનાવ્યો હતો.

# અષાઢી માહોલ : જિલ્લામાં રઘવાયા થયેલા ખેડૂતો ખેત ઉપજ વેચવા યાર્ડમાં ઉમટ્યા, ચક્કાજામની સ્થિતિ

**કુદરત રૂઠવાના અણસાર, સતત ત્રીજા દિવસે આકાશમાં કાળા વાદળ ગોરંભાયાં**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી આકારમાં વાદળ ગોરંભાતા અષાઢી માહોલ જેવી સ્થિતિ ઉદભવી છે. કમોસમી વરસાદ વરસે તો ઘઉં સહિતનો તૈયાર પાક ભીંજાય તેવી દહેશત ઉભી થઈ છે. વાતાવરણ પલ્ટાતાં રઘવાયા બનેલા ખેડૂતોએ તૈયાર પાક ઉપજ ભીંજાઈ જશે તેવી આશંકાથી ડરી જઈ ખેત ઉપજ વેચવા માટે સવારથી માર્કેટયાર્ડમાં ઉમટતાં એકાએક જિલ્લાના માર્કેટયાર્ડોમાં ચક્કાજામની સ્થિતિ જોવા મળી.

જિલ્લામાં અત્યાર સુધી જાન્યુઆરી, ફેબ્રુઆરી અને ક્યારેક માર્ચ મહિનામાં હવામાન પલ્ટાવ જોવા મળતો હતો પરંતુ માર્ચના અંતિમ સપ્તાહમાં કુદરતને તેના હિસાબો સેટ કરવાના હોય તે રીતે ખેડુતોના માથે કમોસમી માવઠાની આફત આવી પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. માર્ચ મહિનાના મધ્યભાગમાં જ ઘઉંનો પાક તૈયાર થઈ જતાં ખેડૂતો કાપણી શરૂ કરે છે અને પોષણક્ષમ ભાવ મળે એટલે માર્કેટયાર્ડમાં જઈ ઘઉં વેચી દેતા હોય છે. આ વર્ષે ઓછો વરસાદ છતાં ખેડૂતોએ અગાઉના વર્ષ જેટલી જમીનમાં ઘઉં સહિતના પાકની વાવણી કરી હતી. પાક તૈયાર થઈ ગયો અને વાઢવાની શરૂઆત કરી ત્યાં ગત રોજથી જિલ્લાના હવામાનમાં પલ્ટાવની સ્થિતિ છે. જેથી ઘઉંનો પાક ન ભીંજાઈ જાય તે માટે ખેડૂતો રાત્રે જ ખેતરમાં પહોંચી ઘઉંના પાકને સુરક્ષિત કર્યો હતો. હવામાન વધુ કથળશે અને તૈયાર પાક ભીંજાઈ જશે તેવી આશંકાએ ખેડૂતોએ હાલના ભાવે ઘઉં વેચવા માટે મંગળવાર સવારથી યાર્ડોમાં ઉમટતાં ખેડૂતોની વધારે હાજરીથી યાર્ડોમાં ચક્કાજામની સ્થિતિ જોવા મળી છે.

### હવામાન વિભાગની આગાહી : આ વર્ષે ચોમાસુ સામાન્યની નજીક રહેશે

**હવામાન વિભાગ પણ રાજકીય ભાષા બોલવા લાગ્યું**


ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં ગત રોજથી હવામાન પલ્ટાવ આવ્યો છે. અષાઢી માહોલની જેમ વાદળો ગોરંભાઈ રહ્યા છે. ત્યાં દેશના હવામાન વિભાગે ચોમાસુ આ વર્ષે સામાન્યની નજીક રહેશેની આગાહી કરી છે. હવામાન વિભાગ પણ રાજકીય ભાષા બોલવા લાગ્યું હોય તેવું ખેડૂતોને લાગે છે. હવામાન વિભાગે સામાન્યની નજીક ચોમાસુ રહેવાની નવી કેટેગરી રજૂ કરતાં ખેડૂતો અને વેપારીઓ મૂંઝવણમાં મૂંકાયા છે.

**માથાના વાળ તોડી ખાવાની વિચિત્ર બીમારી**

## હિંમતનગરના તબીબે બાળકીના પેટમાંથી ૫૧૦ ગ્રામ વાળનું ગૂંચળું કાઢી પેટ પીડાથી મુક્તિ અપાવી

સરડોઈ,તા.૨૪

આપણે બાળકોને ચોકલેટ અને બિસ્કીટ ખાતાં જોયાં હશે પણ કોઈ બાળક પોતાનાજ માથાના વાળ ખાય ખરૂ ? જી હા આ બીમારીને તબીબી ભાષામાં ટ્રાયકોબ્રેજા ની બીમારી કહેવામાં આવે છે જે દર એક લાખ વ્યક્તિમાં એ જોવા મળતી હોય છે.હિંમતનગર ની પ્રગતિ સર્જીકલ હોસ્પિટલમાં આવી જ બીમારીમાં સપડાઈ પેટ પીડાથી પીડાતી ૧૩ વર્ષની બાળકી ના પેટની સર્જરી કરી સર્જન ડો.જગદીશ નાયકે પેટમાંથી ૫૧૦ ગ્રામ વજનનું વાળનું ગૂંચળું કાઢી સફળતા પૂર્વક જટિલ ઓપરેશન પાર પાડયું છે.



પ્રાપ્ત જાણકારી મુજબ ભિલોડા તાલુકાના વણઝર ગામના જાડેજા પરિવારની ૧૩ વર્ષની રિંકુ ને પેટમાં અસહ્ય દુખાવો થતાં ડો.જગદીશ નાયકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.જ્યાં તબીબે દર્દીની હિસ્ટ્રી તપાસી જેમાં જાણવા મળ્યું કે બાળકીના પેટના દુખાવા સાથે માથાના વાળ પણ ઓછા થઈ રહ્યા છે જેથી પરિસ્થિતિ પામી સોનોગ્રાફી અને સિટીસ્કેન કરવામાં આવતાં પેટમાં વાળનું ગૂંચળું જોવા મળતાં તાત્કાલિક ઓપરેશન કરવામાં આવ્યુ હતું.૪૫ મિનિટની જટિલ સર્જરી દરમ્યાન સર્જને પેટમાંથી ૫૧૦ ગ્રામ વજનનું વાળનું ગૂંચળું કાઢી બતાવતાં પરિવારજનો પણ દંગ રહી ગયા હતા. એક લાખ વ્યક્તિઓમાં જોવા મળતી પોતાનાજ વાળ ખાવાની આ વિચિત્ર બીમારીમાં વાળનો જથ્થો પેટમાં એકત્ર થઈ જાય અને સમયસર નિદાન દ્વારા સર્જરી ન થાય તો ક્યારેક દર્દીના જીવનું જોખમ વધી જતું હોય છે પરંતુ આ કિસ્સામાં સફળતા પૂર્વક સર્જરી કરી બાળકીને પેટ પીડાથી મુક્ત કરવામાં આવતાં પરિવાર ગદગદિત થઈ ગયો છે.

# બુટલેગરોને છાવરતી ભિલોડા પોલિસ હવે ફરિયાદી પર હાવી!

**બે હાથ જોડી આજીજી કરતા પીડિતો, થોડી શરમ કરો, રાજા નથી તમે**



મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના ભિલોડા પંથકમાં પોલિસના હવે બુટલેગરો પર આશિર્વાદ છે તો બીજી બાજુ ગરીબ પરિવારોનેએ આજીજી કરવાનો વારો આવ્યો છે. ગરીબ પ્રજા ફરિયાદ કરવા જાય તો અંદર કરી દેવાતા હોવાની બૂમો ઊઠી રહી છે. ભિલોડા પોલિસ હવે પોતાને સર્વસ્વ માની રહી હોય તેવું લાગી રહ્યું છે.

ભિલોડા પોલિસ મથક વિસ્તારના ખેરાડી પંથકમાં રહેતા શ્રવણભાઈ કાનાભાઈ ગાડુલિયા (લુહાર) પરિવાર ૧૮ માર્ચના રોજ સામાજિક પ્રસંગે ટોરડા મુકામે જઈ રહ્યો હતો તે સમયે ભેટાલી ગામના જોરાભાઈ ભમરાભાઈ, ગટુભાઈ ભમરાભાઈ, ગોવિંદભાઈ ગટુભાઈ, રાજુભાઈ જોરાભાઈ લોકોએ ઘાતકી હુમલો કર્યો હતો, સમગ્ર ઘટનાને લઈને ભિલોડા પોલિસ મથકે ફરિયાદ કરવામાં આવી હતી, જોકે પોલિસ દ્વારા કોઈ જ કાર્યવાહી ન કરવામાં આવી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. ભિલોડા પોલિસ હુમલાખોરોને છાવરી રહી હોવાનો પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે. સમગ્ર ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા ચાર લોકોને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાય છે.

**ફરિયાદ કરવા ગયેલા પરિવારજનને અંદર પૂરી દીધો !**

ભોગ બનનાર પરિવારજનોનું કહેવું છે કે, ટોરડાથી સામાજિક પ્રસંગ પૂર્ણ કરીને પરત ફરી રહ્યા હતા, તે સમય દરમિયાન ભેટાલી નજીક ફરિયાદી પરિવારને ઊભો રાખીને ઢોર માર મારવામાં આવ્યો. હુમલાખોરો ધારિયા, તેમજ લોખંડની પાઈપ સાથે આવ્યા હતા અને ઘાતકી હુમલો કર્યો હતો. સમગ્ર ઘટનાને લઈને ભોગ બનનાર લોકો ભિલોડા પોલિસ મથકે રજૂઆત કરવા માટે ગયા, જોકે પોલિસે ભોગ બનનારની વાત સાંભળવાને બદલે તેમને જ અંદર મુકી દીધાનો આક્ષેપ કર્યો છે. બપોરે ત્રણ કલાકે અંદર પૂરી રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં બહાર કાઢ્યો હોવાનું ભોગ બનાર પરિવારજનો જણાવી રહ્યા છે. એટલું જ નહીં આજદીન સુધી ભિલોડા પોલિસ ગરીબ પરિવારજનોની વ્યથા સાંભળવા તૈયાર નથી. પીડિત પરિવારજનોનું કહેવું છે કે, ભિલોડા પોલિસ તેમની એકેય વાત સાંભળવા તૈયાર નથી.

**પીડિત પરિવાર રોતા-રોતા પોલિસને આજીજી કરે છે, પણ પોલિસ તંત્ર કંઇ સાંભળવા તૈયાર નથી**

હવે અરવલ્લી જિલ્લાની ભિલોડા પોલિસ કોઈ પણ વ્યક્તિની ફરિયાદ નહીં સાંભળે તેવું ભોગ બનનારની વાત સાંભળીને લાગી રહ્યું છે. હવે સવાલ એ પણ થાય છે કે, અરવલ્લીની ભિલોડા પોલિસ શું ખરેખર પ્રજા માટે છે કે બુટલેગર અથવા તો આરોપીઓની ? ફરિયાદીની વાત સાંભળવામાં પોલિસને રસ ન હોય તો આવા અધિકારીઓનું કામ જ શું છે? આવા પોલિસ અધિકારીઓને રેંજ આઈ.જી. કડક કાર્યવાહી કરીને સબક શીખવે તે પણ જરૂરી છે. પ્રજા માટે પોલિસ હોય છે, પણ ભિલોડા પોલિસને હવે લાઈનો ચલાવવામાં રસ હોવાની લોકચર્ચાઓએ જોર પકડ્યું છે, આ વચ્ચે આવા ગરીબ ફરિયાદીનું સંભળવા કોઈ જ તૈયાર નથી. માત્રને માત્ર ગુલાબી કાગળ બનાવવામાં જ ભિલોડા પોલિસ અને તેમના મળતિયાઓને રસ હોય તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. આ બાબતે જિલ્લા પોલિસ વડાએ ધ્યાન આપવું જોઈએ નહીંતર પોલિસની કામગીરી પર સવાલો ઉઠશે અને બુટલેગરોને મોટા કરવામાં પોલિસ પર લાંછન ઉઠે તો પણ નવાઈ નહીં

**એકવાર પીડિત પરિવારની વેદના સાંભળો, જરાં જુઓ કેવી રીતે બે હાથ જોડી મદદની ભીખ માંગે છે**

હુમલાનો ભોગ બનેલ પીડિત પરિવાર બે હાથ જોડી કાર્યવાહી કરવાની ભીખ માંગી રહ્યો છે, પણ પોલિસને જરાય આ બાબતે ચિંતા ન હોય તેવું સ્પષ્ટ લારે છે. આવા અધિકારીઓ હોવા તે પણ હવે લોકો માટે પ્રશ્નાર્થ સાબિત થઈ રહ્યો છે કારણ કે પોલિસ છે તો પણ કાર્યવાહી નથી થતી તો આવા અધિકારીઓનું કામ શું છે. શું પોલિસ માલેતુજારો માટે છે કે શું તે પણ સવાલ છે. ગુલાબી નોટોની લ્હાયમાં પાપનો ઘડો ફૂટતા વાર નહીં લાગે સાહેબ, ગરીબ પરિવારની હાય ક્યારે આગળ નહીં લઈ જાય, જરા વિચારો.

## પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કૂલ દ્વારા વિશ્વ ટીબી દિને જન જાગૃત રેલી યોજાઈ



પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ દ્વારા વિશ્વ ટીબી દિવસ ને લઈ ને જન જાગૃતિ રેલી યોજાઈ

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર જુના બાકરપુર ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ સ્કુલ દ્વારા આજે ૨૪ માર્ચ વિશ્વ ટીબી દિવસ ને લઈ ને લોક જાગૃતિ ને લઈ ને ચિત્રિણી નર્સિંગ કોલેજ ના વિધાર્થીઓ વિધાર્થીનીઓ દ્વારા એક વિશાળ જન જાગૃતિ રેલી યોજી હતી જેમા નર્સિંગ ના વિધાર્થીઓ દ્વારા હાથમા વિવિધ પોસ્ટરો તથા બેનરો તથા વિવિધ સૂત્રોચ્ચારો સાથે જન જાગૃતિ રેલી નિકળી હતી જેમા વિધાર્થીઓ વિધાર્થીઓ દ્વારા જન જનકો સંદેશ પોહચાયે ટીબી કો દુર ભગાયેના સુત્રોચ્ચાર સાથે પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન થી રેલી ને પ્રાંતિજ ટાઉન જમાદાર જીગ્નેશભાઈ પટેલ તથા કોલેજ સંચાલક એ.કે.પટેલ દ્વારા લીલીઝંડી આપી ને રેલીને પ્રસ્થાન કરાવ્યુ હતુ તો જન જાગૃતિ રેલી પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન થી નિકળી ને હજામચોરા , બજાર ચોક થઈ ને નાનીભાગોળ સ્ટેટબેંક સુધી વિશાળ જન જાગૃતિ રેલી યોજાઈ હતી જેમા નર્સિંગ કોલેજ ના સંચાલક એ.કે.પટેલ, પ્રિન્સીપાલ નરેન્દ્રભાઈ શર્મા, રિતેશ ભટ્ટ, મનોજભાઈ ચૌધરી સહિત કોલેજ સ્કુલ સ્ટાફ તથા વિધાર્થીઓ વિધાર્થીનીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસાના કૂંપટ ગામે પરંપરાગત શીતળા સાતમનો મેળો ભરાયો

**મેળામાં ગ્રામીણ જનમેદની ઉમટી પડી**



ડીસા, તા. ૨૪

ડીસાની બનાસ નદીના તટ ઉપર આવેલ કૂંપટ ગામમા વર્ષો જૂનું શીતળા માતાનું મન્દિર આવેલું છે. આ મન્દિર ખાતે દર વર્ષે ફાગણ વદ સાતમના દિવસે ભાતીગળ લોકમેળો ભરાય છે જોકે હાલમાં કોરોના મહામારી હોઈ છેલ્લા બે વર્ષ આ મેળો બન્ધ રહેવા પામ્યો હતો પણ આ વર્ષે કોરોનાના કેસ ઘટી જતાં સરકાર દ્વારા છૂટ આપવામાં આવી છે. જેથી આ વર્ષે મેળો ભરાયો હતો. જેમાં ગુરુવારે મેળામાં આસપાસના ગામોના લોકો ઉમટી પડ્યા હતા. અને મેળાની મજા માણી હતી. બે વર્ષ બાદ લોકોએ મન્દિર ખાતે પોતાની બાધા આખડી પૂર્ણ કરી હતી. વર્ષોની પરંપરા મુજબ શીતળા માતાને ચાંદીનું છત્ર , સાકર ,ગોળ ખજૂર અને મીઠું ધરાવવાની માન્યતા છે. કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે તાલુકા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બન્દોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## વિશ્વ ટીબી દિવસ નિમિત્તે સામુહિક આરોગ્ય કેન્દ્ર માલપુર ખાતે ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૨૪




૨૪ માર્ચ થી ૧૩ એપ્રિલ સુધી ૨૧ દિવસીય ટીબીની વિવિધ સેવાઓ આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ના વિવિધ વિસ્તારોમાં સાંકળવાનું અભિયાન શરૂ થયું જેમાં વિશ્વ ટીબી દિવસ નિમિત્તે સામુહિક આરોગ્ય કેન્દ્ર માલપુર ખાતેથી જિલ્લા કક્ષાની ઉજવણી ના ભાગરૂપે રેલી કાઢીને જનજાગૃતિ કરવામાં આવી પ્રસંગે માનનીય કલેક્ટર શ્રી ડો નરેન્દ્ર કુમાર મીણા તથા અરવલ્લી જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો આર જી શ્રીમાળી મારફતે લીલીઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું જિલ્લા ક્ષય અધિકારી શ્રી ડો આશિષ નાયક ના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ક્ષય ના જનજાગૃતિ અભિયાન અંગે ટોપી ટીશર્ટ અને પેન બાળકોને વિતરણ કરવામાં આવ્યું માનનીય કલેકટર શ્રીએ સાથોસાથ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ચાલી રહેલ પી.એસ.એ ઓક્સિજન પ્લાન્ટ ની પણ મુલાકાત લીધી ઉપરાંત સામુહિક આરોગ્ય કેન્દ્રના વિવિધ વિભાગો જેવા કે ઓ.પી.ડી વિભાગ ઈન્ડોર વિભાગ ડીલેવરી વિભાગ એન.બી.એસ.યું અને સી.એમ.ટી.સી ની મુલાકાત લીધી અને અંતે સફળ આયોજન માટે સૌ આરોગ્ય સ્ટાફને કલેક્ટરે શુભેચ્છાઓ પાઠવી હતી

## ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયામાં સભ્ય તરીકે પસંદગી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

હિંમતનગરની જાણીતી આર.આર.પટેલ ઈન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર વિપુલ આર. પટેલ(કરણપુર)ને ભારત સરકારના મીનીસ્ટ્રી આંફ કન્ઝ્યુમર અફેર ફુડ એન્ડ પબ્લિકમાં રાજ્ય ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયામાં સભ્ય તરીકે પસંદગી કરાઈ છે.

## પાલનપુર ખાતે જિલ્લા ખેલ મહા કુંભ અંતર્ગત કરાટે સ્પર્ધા યોજાઇ

પાલનપુર તા. ૨૪

પાલનપુરના વિદ્યામંદિર ખાતે જિલ્લા ખેલ મહાકુંભ અંતર્ગત કરાટે સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૭૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'રમશે ગુજરાત અને જીતશે ગુજરાત'ના નારા સાથે ગુજરાતમાંથી ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત આજે બનાસકાંઠા જિલ્લા ખેલ મહાકુંભ અન્વયે પાલનપુરની વિદ્યા મંદિરના પર્ણ કુટીર કેમ્પસમાં કરાટે સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિવિધ કેટેગરીમાં વિવિધ સ્કૂલના ૧૭૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લઈ પોતાનું કરતબ બતાવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા થનાર સ્પર્ધકોને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાતના સીનીયર કોચ જયેશભાઈ પ્રજાપતિએ બનાસકાંઠાના બાળકો પોતાના કૌશલ્ય થકી જિલ્લા થી રાજ્ય કક્ષાએ જઈ આગળ વધી જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. અત્યારના યુગમાં સેલ્ફ ડિફેન્સ વિશે યુવક યુવતીઓ જાગૃત બન્યા છે. ત્યારે ભાઈઓની સાથે બહેનોમાં પણ કરાટે નો ક્રેજ જોવા મળી રહ્યો હોવાનું સિનિયર કોચ જયેશ પ્રજાપતિએ જણાવ્યું હતું.



## જન્મદિને વધામણી



**મનીષભાઈ મહેન્દ્રભાઈ ભાવસાર**
**શ્રીજીચરણ સોસાયટી**
**બાયડ જીલ્લો અરવલ્લી**



**હરેશભાઇ પટેલ**
**સાબરડેરી હિંમતનગર**
**વલ્લભ નગર સોસાયટી,**
**બાયડ**